# NHS ડાઈરેક્ટ વેલ્સ 0845 46 47

## NHS ડાઈરેક્ટ વેલ્સ શું છે?

NHS ડાઈરેક્ટ વેલ્સ એક એવી ટેલિફોન સર્વિસ છે કે જે **0845 46 47** નંબર પર 24 કલાક સ્વાસ્થ્યનાં વિષય પર સલાહ અને માહિતી આપે છે.

જો તમે અથવા તમારા પરિવારનાં કોઈ સભ્ય બીમાર હો તો તમે NHS ડાઈરેક્ટ વેલ્સને ફોન કરીને ફરજ પર હાજર નર્સની સાથે વાત કરી શકો છો, જે બીમારીની સારવાર માટે શું કરવું તેનો નિર્ણય કરવામાં તમને મદદ કરશે.

ઉદાહરણ તરીકે કેટલીક તકલીફો, ઘર પર જ અથવા ફાર્માસિસ્ટની સલાહથી દૂર થઈ શકે તેવી સામાન્ય હોય છે. જો તકલીફ વધુ ગંભીર હોય તો તમારે કદાચ તમારા ડોકટરને ત્યાં અથવા હોસ્પિટલમાં તબિયત બતાવવા જવું પડે.

તમારી ગમે તેવી તકલીફમાં પણ, NHS ડાઈરેક્ટ વેલ્સનાં કર્મચારીઓ બીમારીનાં જે લક્ષણો તમે વર્ણવશો તેને શાંતિથી સાંભળશે અને તેની સર્વોત્તમ સારવાર માટે શું કરવું તેનાં માટે તમને સલાહ આપશે. જો તમારી તબિયત ખૂબ ગંભીર હશે તો તેઓ તમને એમ્બ્યુલન્સ સર્વિસનો સંપર્ક કરાવી આપશે.

સ્થાનિક સ્તરે સ્વાસ્થ્ય સેવાઓ આપતી સંસ્થાઓ વિશે પણ NHS ડાઈરેક્ટ વેલ્સનાં કર્મચારીઓ તમને સહેલાઈથી અને ઝડપથી વ્યાપક માહિતી આપી શકશે.

ઉદાહરણ તરીકે, મોડી રાત સુધી ખુલ્લી રહેતી ફાર્મસીઓ વિશે તમને માહિતી જોઈતી હોય અથવા તો ક્લિનિકનાં સમય સિવાય તમારે કોઈ ડેન્ટિસ્ટને બતાવવું હોય તો તેવાં સ્થળ વિશે જણાવવા માટે પણ NHS ડાઈરેક્ટ વેલ્સનાં કર્મચારીઓ તમને મદદરૂપ થઈ શકશે.

તમને અથવા તમારા પરિવારનાં કોઈ સભ્યને ચિંતામાં મૂકી દે તેવી કોઈ ખાસ પ્રકારની બીમારી વિશે જો તમને વિગતવાર માહિતી જો ઈતી હોય તો પણ NHS ડાઈરેક્ટ વેલ્સ તમને જોઈતી માહિતી અને મદદ મેળવવામાં મદદ કરી શકે છે.

NHS ડાઈરેક્ટ વેલ્સ, વેલ્સનાં પૂરાં વિસ્તારમાં કાર્ય કરે છે. ટેલિફોન કોલની કિંમત સ્થાનિક દરે લાગુ પડે છે અને તમારી સલામતી માટે દરેક કોલને રેકોર્ડ કરવામાં આવે છે.

## ઈંગ્લિશ જો તમારી પસંદગીની ભાષા ન હોય તો શું કરવું?

તમારો કોલ મળ્યાંની થોડીક મિનિટોની અંદરજ NHS ડાઈરેક્ટ વેલ્સ તમને ગુજરાતી સહિતની ઘણી ભાષાઓમાં સેવા આપતાં ખાનગી દુભાષિયાઓની સેવા પૂરી પાડે છે. તેનાં માટે, તમે કઈ ભાષામાં વાત કરવા માંગો છો માત્ર તેટલી જ વાત તમારે ઈંગ્લિશમાં કહેવી પડશે.

જો તમે ગુજરાતીમાં વાત કરવા માંગતા હો
તો NHS ડાઈરેક્ટ વેલ્સ ટેલિફોન નંબર **0845 46 47** પર ફોન કરો.

જ્યારે ફોનનો જવાબ આપવામાં આવે ત્યારે “Gujarati” ગુજરાતી કહો (તમારી પસંદગીની ભાષા માટેનો ઈંગ્લિશ શબ્દ બોલો અને તે શબ્દનાં અનુવાદનો ઉચ્ચાર પણ કહો)

ગુજરાતી ભાષા જાણતાં દુભાષિયા સાથે તમારો સંપર્ક થાય ત્યાં સુધી ફોન ચાલુ રાખશો, જે તમને જોઈતી સ્વાસ્થ્ય માહિતી અને સલાહ આપવામાં NHS ડાઈરેક્ટને વેલ્સ મદદ કરશે.

આ સિવાય, તમે તમારા કોઈ મિત્ર અથવા સંબંધીને પણ તમારા વતી ફોન કરવા માટે કહી શકો છે અને તમે શા માટે ફોન કરો છો તે સમજાવવાં માટે જ્યાં સુધી દુભાષિયો ફોન પર ન આવે ત્યાં સુધી તમે રાહ જોઈ શકો છો.

## જ્યારે તમે NHS ડાઈરેક્ટ વેલ્સને ફોન કરશો ત્યારે શું બનશે?

જ્યારે તમે NHS ડાઈરેક્ટ વેલ્સને **0845 46 47** પર ફોન કરશો ત્યારે તમે શા માટે ફોન કરી રહ્યાં છો તેનાં વિશે તેમજ તમારા વિશેની કેટલીક મૂળભૂત માહિતી મેળવવા માટે પણ તમને પ્રશ્નો પૂછવામાં આવશે.

જો તમારે સ્વાસ્થ્યની કોઈ તકલીફ વિશે જાણકારી મેળવવી હશે તો તમે પોતે જે ફોન કરી રહ્યાં છો અથવા બીજાં કોઈ વતી બોલી રહ્યાં છો કે કેમ તે પણ તમને પૂછવામાં આવશે. નીચે મુજબની બાબતો સમજાવવા માટે તૈયાર રહેશોઃ

- બીમારીનાં લક્ષણો શું છે, તે તમને/બીમાર વ્યક્તિને બીમારીની શરૂઆતમાં કેવી અસર કરે છે તેનાં વિશે;
- તમે/બીમાર વ્યક્તિ જો પહેલાંથી જ કોઈ દવાઓ લેતાં હો તો તેનાં વિશે;
- હાલની કોઈપણ તબીબી સ્થિતિ (દા.ત. ડાયાબીટિસ, એન્જાઈના) વિશે;
- તમને બીમારી સાથે સંબંધિત લાગતી હોય તેવી બીજી કોઈપણ બાબત વિશે.

## શું NHS ડાઈરેક્ટ વેલ્સ એક ખાનગી સેવા છે?

જી હા, NHS ડાઈરેક્ટ વેલ્સ એક ખાનગી સેવા છે. તમે જે માહિતી આપો છો તેને સલામત રીતે અને સુરક્ષિત પણે સાચવવામાં આવે છે.

NHS ડાઈરેક્ટ વેલ્સનાં કર્મચારીઓને જો એવું લાગે કે તમારી માહિતી બીજાં કોઈ તબીબી વ્યવસાયિક દા.ત. કોઈ ડોક્ટરને આપવાથી તે તમને વધુ મદદરૂપ થશે તો સૌથી પહેલાં તેઓ તેનાં માટે તમારી મંજુરી માંગશે. દર્દીઓની સલામતી માટે, દરેક ફોન કોલનું રેકોર્ડીંગ કરવામાં આવે છે.

## સેવાનો ઉપયોગ કરવા માટે બીજાં લોકોને પ્રેરવા

જો તમે પોતે NHS ડાઈરેક્ટ વેલ્સની સેવાનો ઉપયોગ કર્યો હોય અને તમને તે ઉપયોગી સેવા લાગી હોય તો તમારા મિત્રો અને સંબંધીઓને તેનાં વિશે જણાવો અને તેમને તેનો ટેલિફોન નંબર **0845 46 47** પણ આપો.

## NHS ડાઈરેક્ટ વેલ્સની વેબસાઈટ

NHS ડાઈરેક્ટ વેલ્સની વેબસાઈટ ઈન્ટરનેટ દ્વારા www.nhsdirect.wales.nhs.uk પર પણ સ્વાસ્થ્યની તકલીફો પર માહિતી આપે છે.